Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી

પ્રો.શ્રી અશ્વિનભાઇ જે.ગાંધી*

**પ્રસ્તાવના;-**

સાહિત્ય એ સમાજનું દર્પણ છે. અને સમાજનું મુખ્ય બિંદુ સ્ત્રી જ છે આથી જ વેદિક સાહિત્યથી માંડી આજ પાયત્ન સુધીનાસાહિત્યમાં તેનું સાંગોપાંગ અદ્ભુત આલેખન જોવા મેડ છે. સ્ત્રી સાહિત્ય ના અડધાથી પોણા ભાગનું આકાશ ઓઢીને અને અડધી ધારા આવરીને બેઠી છે.તેમ કહેવામા કોઈ અતિશયોકિત નથી. બાળકી થી જગદંબા સુધીનું તેનું સ્વરૂપ વાત્સલ્યમય અને વંદનીય છે. પ્રોરાણિક અને ઐતિહાસિક કાળમાં સ્ત્રી જગતની ઉત્પત્તિ, સ્તિથિ અને નવસજ ન કરનારી દિવ્યશક્તિરૂપે આલેખાયેલી છે. મારી ધારણા મુજબ વી વ સાહિત્યમાં આટલું ઉન્નત સ્થાન સ્ત્રીને ભારતીય સંસ્કુતિ એજ પ્રદાન કર્યું છે સિતા, પાર્વતિ, દ્રોપદિ, તારામતી, અહલ્યા, મંદોદરી વગેરે સ્ત્રીઓ ત્યાગ અને સહનશક્તિ માં ધરતીથી પણ ટપી જાય છે. તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી માનું ભગવાને સ્ત્રીને સમાજમાં અનોખુ સ્થાન અને સન્માન આપ્યુ છે. તે પ્રમાણે-'યત્ર નાયા સ્ત પુરયન્તે તત્ર રમન્તે દેવતા અર્થાત જ્યાં નારીઓનું સન્માન થાય છે. ત્યાં દેવતાઓનો વાસ હોય છે. અન્ય સાહિત્યની જેમ ગુજરાતી સાહિત્યમાં સામાજિક, ધાર્મિક, રાજકીય, ભક્તિ ઈત્યાદીમાં સ્ત્રીનો ફાળો અનન્ય અને અગ્રણીય છે.એ નીવિ વાદ છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઃ-**

૧૦ થી ૧૨ સદીથી શરૂ થયેલ ગુજરાતી ભાષા સાહિત્યમાં વિવિધ સ્વરૂપે સ્ત્રીનું નિરૂપણ થયું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રારંભે એક હેમચંદ્રચાર્ય ના દુહાઓમાં કવિ પદ્માનાભના 'કાન્હદડે પ્રબંધ' માં સ્ત્રીના શૌર્ય અને માતૃભૂમિ માટે રહેલ પ્રેમને વ્યક્ત કર્યો.છે મધ્યકાળમાં ભિન્ન ભિન્ન કવિઓએ સ્ત્રી નું નિરૂપણ કર્યું છે પણ એમાં પ્રેમનંદ અને શામળ સ્ત્રીના ચરિત્ર ચિત્રણમાં ઉલ્લેખનીય રહ્યા છે.

---

*પ્રો.શ્રી અશ્વિનભાઇ જે.ગાંધી

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પ્રેમાનંદે સુદામાચરિત્ર કુવરબાઈનું માંમેરું નળખ્યાન, ચંદ્રાહાસાખ્યાન વગેરેમાં સ્ત્રીના ચરિત્ર ચિત્રણમાં વૈવિધ્ય દાખવ્યું છે 'નળખ્યાન' માં દમયંતિ નળ સાથે વનમાં જાય છે. ત્યારે પોતાને બાળ કોને પિયરમાં મોકલે છે ત્યાં દમયંતિની દાયનીય સ્થિતિનું બયાણ છે

"નમાયા થઈને વરતજો સહેજો મામીની ગાળ"

એમાં દમયંતિના મત વાત્સલ્ય ભાવ પ્રગટ કર્યો છેતો સાથે સાથે 'મામી' ના પાત્રના ઉલ્લેખ દ્વારા સ્ત્રીના બીજા સ્વરૂપ ને પ્રગટ કર્યો છે. તો સાથે-સાથે 'મામી' ના પાત્રના ઉલ્લેખ દ્વારા સ્ત્રીના બીજા સ્વરૂપને પ્રગટ કર્યું છે. દમયંતિ દેવોને મૂકી નળને વરે છે એમાં સ્ત્રી નિશ્ચયી હોય છે. જેને ઈચ્છે છે તેને વરે છે. તેમાં સ્ત્રીનું સ્વમાનીપણું જોવા મળે છે તો 'કુવરબાઈના મામેરા' માં

"વૃદ્ધ પિતાને દુખ દેવાને શાને આવ્યું સીમંત"

એમાં કુવરબાઈનો પિતા વાત્સલ્ય ભાવ વ્યક્ત કર્યો છે. કુવરબાઈ ને માતૃત્વ પ્રાપ્તિનો આનંદ નથી પણ પિતાની ગરીબાઈ અને સમાજના ધિકકારથી પુત્રીના હૈયાની વેદના છે પ્રેમાનંદે કુવરબાઈ ના પાત્ર દ્વારા સ્ત્રીના હદયની વિશાળતા પ્રગટ કરી છે. દીકરીને બાપ માટે અપાર પ્રેમ હોય છે. તેથી પોતાના સીમંત જેવો શુભ પ્રસંગનો પણ તેને આનંદ નથીતો એજ કુવરબાઈ પોતાના પિતાનું ઘસાતું ન સાંભળીને નણંદિને વડતા બે શબ્દો સાંભડાવી દે.છે

"ચંદ્રાહાસાખ્યાન" માં વિષયા ઉધનમા સૂતેલા ચંદ્રહાસને જોવા માટે ઉત્સુક બની ની પાસે જાય છે. એમાં ચંદ્રહાસ પ્રત્યેના વિષયાના મનોભાવો ને પ્રેમાનંદ એ નિરૂપ્ય છે આમ પ્રેમાનંદે વિવિધ પત્રો દ્વારા સ્ત્રી હદયના વિવિધ ભાવ સંવેદનો વ્યક્ત કર્યા છે પણ શમળણી વાર્તા નાયિકા જેવી પ્રેમાનંદ ની નાયિકા નથી પ્રેમાનંદ સ્ત્રીના ચરિત્ર- ચિત્રણમાં જાણેકે એક મર્યાદા બાંધે છે. પ્રેમાનંદની નાયિકા મર્યાદા વાડી છે.

શામડે સ્ત્રીના નિરૂપણમાં પ્રેમાનંદ કરતાં વૈવિધ્ય દાખવ્યું છેસ્ત્રીના માત્ર નાજુક, કોમળ, મદુ કે ભાવનાત્મક ભાવોને જ નહીં, પણ સ્ત્રીમાં રહેલી બુદ્ધિ ચતુરતા, તેજસ્વિતા, વફાદારી જેવા ગુણોને નિરુપ્યા છે. શામળના પુરુષ પાત્રોની સરખામણીમાં સ્ત્રી પાત્રો વધારે ચડિયાતા છે પુરુષ પત્રો સ્ત્રી પાત્રોની સરખામણીમાં ઝાંખા લાગે છે શામળ કૃતિમાં સ્ત્રીને પુરુષ કરતાં એક વેંત ઊચી દર્શાવે છે. વાતા નો બાથો રસ નાયિકા પાછળ જ ઠલવાય છે. એની વાર્તા ની નાયિકા રૂપાડી, બુદ્ધિશાળી, વિચારવંતી, પ્રતિષ્ઠિત અને સાહસિક હોય છે. પ્રેમની બાબતમાં પહેલ કરતી, કોઈવાર પોતાને પસંદ હોય તેવા પુરુષને પરણવાણી હઠ કરતી અને પરંટી જોવા

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

મળે છે. શામળની નાયિકાઓ ગરીબડી નહીં પણ કેળવાયેલી, સાહસિક અને હીમતવાન છે. પ્રેમાનંદ ના આખ્યાન ની દમયંતિ કે સુદામા પત્ની ની જેમ વિનવણી કરતી કે આશુ સારતી નથી પણ સમાજ માં વટથી ફરનારી, સ્વતંત્ર અને પુરુષ વર્ગ સાથે સ્પર્ધા કરી શકે એવા વ્યક્તિત્વ વાળી છે. શામળની "મદનમોહના", "પદ્માવતી", "નંદબત્રીશી", "કામાવતી" વગેરે વાર્તાઓની નાયિકાઓ આવી છે. "મદમોહના" વાર્તાની નાયિકા મોહના ચતુર, બુદ્ધિશાળી અને સાહસિક છે. મદનને જોતાજ પ્રથમ દર્શનીય પ્રેમમાં પડે છે અને તેની સાથે લગ્ન કરવાનો નિર્ણય કરી લે છે. પ્રેમ માટે સ્વપર્ણ કરવા તત્પર હોય છે. મોહના પરાક્રમી છે. છતાં તેને મદનનો વિરહ સાલે છે. મદન ને શોધવા પરક્રમો અને યુક્તિઓ કરે છે. અને એ માટે ઈશ્વરને પ્રાર્થના પણ કરે છે. એમાં સ્ત્રી હદયનું સહજ દર્શન કરાવે છે

"નંદબત્રીશી" માં પ્રધાન પત્ની પદ્મિની ચતુર, તેજસ્વી, અને કાર્યદક્ષ છે. પદ્મિની માત્ર સ્વરૂપવાનજ નહીં પણ કામાતુર રાજા પ્રધાન ની ગેરહાજરી માં આવે છે ત્યારે રજાના વિકારને ઠંડો પડી ને પોતાના શીલ ની રક્ષા કરે છે. અને રાજા ને બોધ ઉપદેશની સાથે વાણી-વર્તન વ્યવહાર ના નિરૂપણમાં શામડે સ્ત્રીની કુશાગ્ર બુદ્ધિના દર્શન કરાવ્યા છે જુદા જુદા રંગ ના વાસાન માં ભાત અને જુદા જુદા રંગ ની ગાયોનું દુધ પીરસે છે પદ્મિનીની આ યુક્તિ થી રાજા સમજી જાય છે.આ પદ્મિનીની ચતુરાઇ આલેખી છે એમ કહવાય છે. કે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાણીએ' તો બીજી તરફ શીલભ્રષ્ટ, પથભ્રષ્ઠ, થયેલ પુરુષને યુક્તિથી ઉપદેશ આપી શાન ઠેકાણે લાવી સન્માર્ગે સ્ત્રી વાડી શકે છે. એ વાતની શામળ પ્રતીતિ કરાવે છે.

મધ્યકાળ ના અજ્ઞાત કવિ કત 'વસંતવિલાશ' માં સ્ત્રીના શણગારભાવો, અનંગરાગ અને રતિક્રીડા માટે અતિઉત્સુક સ્ત્રીનું નિરૂપણ કર્યું છે પતિ પરદેશ ગયો છે અને તે હજી હજુ સુધી આવ્યો નથી ત્યારે પ્રોષિત ભૂતકાળ સ્ત્રીની કામ વિવશ સ્થિતિ કમનનો ત્રિવ્ર આવેગ અનુભવે છે. અને કહે છે

'કહી સખી મુઝ પ્રિય વાતડી રાતડી કિમઇ ન જાય'

(હે સખી મારા પ્રિયતમ વિષે કઈ વાત કહે મારી રાત કેમેય જતી નથી કામદેવ મને ખૂબ પીડી રહ્યો છે તેથી મારૂ મન ઠેકાણે નથી) વિરહિણી સ્ત્રી પોતાના પ્રિયતમને આવેલો જોતાં જ હરખભેર દોડી જઇ અને આલિંગન આપે છે. આમ સ્ત્રીના રતિક્રીડાના મનોભાવોનું ખુલ્લુ નિરૂપણ કર્યું છે.

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

મધ્યકાલીન સ્ત્રી જીવનનું ગાન ગાનાર કવિયિત્રિઓમા સૌ પ્રથમ મિરા છે મિરાએ કાવ્યોમાં આત્મલક્ષીતા નિરૂપિ છે મિરા પછી ચેક 18 સૈકામાં દિવાળીબાઈ, ગૌરીબાઈ, કૃષ્ણબાઈ, રાધાબાઈ વગેરે કાવ્ય સર્જન કરનાર સ્ત્રીઓનો ઉલ્લેખ મળે છે.

**લોકસાહિત્યમાં સ્ત્રી :-**

લોક સાહિત્યમાં લોકકથાઓ, લોકવાતાઓ, લોકગીતો અને દુહાઓમાં સ્ત્રીના વાસ્તવિક જીવનનું નિરૂપણ, સ્ત્રીની વિવિધ અવસ્થાઓના ગીત લોક સાહિત્યમાં મેડ છે. પ્રાંગણમાં રમતી કન્યાઓનાં ક્રીડાગીતો કે વ્રતગીતો, લગ્નગીતો, હાલરડાં, ગરબા, મરશિયા, વિલાપગીતો, વગેરેમાં સ્ત્રીભાવ સંવેદનોનું નિરૂપણ થયું છે જેમ કે.

- "મહેંદી તે વાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે
  મહેંદી રંગ લાગ્યો રે.....
- "સુખના વારા તે માડી, વહી ગયા રે લોલ
  દુ:ખના ઉગયા રે ઝીણા ઝાડ જો
  કડવા સાસરિયામાં જીવવું રે"
- "તમે મારા દેવના દીધેલ છો
  તમે મારા માંગી લીધેલ છો
  આવ્યા ત્યારે અમાર થૈને રો"

- " લીપયુ ને ગુપયુ તે મારુ આંગણું
  પગલીનો પાડનાર ધોને રન્નાદે
  વાંઝિયા મેણાં લાગે દોહયલાં"
- "કુંજલડી રે સંદેશો અમારો
  જઇ વાલમને કે'જો જીરે"

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

લોકગીતમાં દૂર દેશાવર રહેલા પોતાના પતિને સંદેશો મોકલે છે એકલી પડેલી સ્ત્રીની વેદના સમજી સકે તેવી કુંજલડી સાથે સંદેશો મોકલે છે વહલા ન્ઘરે આવજોને થોડા વસ્ત્રાભૂષણો લેતા આવજો. એમાં પ્રોષિત ભૂતકાળ નાયિકાના નિરૂપણ દ્વારા વિરહની વેદના વ્યક્ત કરી છે

**અર્વાચીન યુગના સાહિત્યમાં સ્ત્રી-**

અર્વાચીન કાળમાં પ્રશ્ચાત્યશિક્ષણ અને સાહિત્યના સંપર્કને કારણે અર્વાચીનો માં દલપત, નમદ, મહિપતરામ, નવલરામ, નંદશંકર દુર્ગારામ મહેતા, કરસનદાસ મૂળજી વગેરે સુધારવાદી સર્જકોએ સ્ત્રી સંરક્ષણવાદી સાહિત્ય સર્જનો કર્યા છે નર્મદે "ડાંડિયો" માં સ્ત્રી કેળવની, પુનઃવિવાહ , તત્કાલિન સ્ત્રી દુદશાનો ખ્યાલ આપ્યો છે. સ્ત્રી પણ પુરુષની માફક કેળવણી લઈ શકે છે. અને સ્ત્રી કેડવાની ના લાભ બતાવ્યા છે. સ્ત્રી પુરુષથી ઊતરતી છે અને પુરુષની દાસી છે. એવા મિથ્યા ખ્યાલનું નર્મદે ખંડન કયું છેસ્ત્રીઓ માટે પ્રવર્તતી ગેરસમજનભરી માન્યતાઓ વર્ણવી નર્મદે સ્ત્રીઓના સદગુનોની તરફેણ કરી છે. કેળવાયેલી સ્ત્રી કુટુંબ આબે સમાજને મોટું યોગદાન આપી સકે છે. એ હકીકત ઉપર ભાર મૂક્યો છે

દલપતરામે કાવ્ય, નિબંધ, નાટક, સામયિક, વગેરેમાં તત્કાલિન સામાની સ્ત્રીની સ્થિતિનું બયાન કર્યું છે.

'માંગલિક ગીતાવલિ" માં સ્ત્રી જીવનના નાના મોટા પ્રસંગોને આવરી લેતા ગીતો આપ્યા છે. વેવિશાળ થી માંડીને સાસરીએ વિદાઇ સુધીના પ્રસંગો પર સુંદર ગરીબીઓ રચી છે 'વેનચરિત્ર' માં વિધવા વિવાહની હિમાયત કરતાં આખ્યાન શૈલીના કાવ્યો આપ્યા છે. તેથી વિવેચકોએ તેને 'સુધારકનું પરોઢ કહીને બિરદાવી હતી. સમાજ સુધારણાના હેતુ થી લખાયેલું 'મિથ્યાભિમાન' નાટકમાં કાજોડા, કન્યાવિક્રય, દહેજ વગેરે તત્કાલિન સમાજના દૂષણો ને આ નાટકમાં ઉઘાડા કર્યા છે. રઘનાથ ભટ્ટ જેવા બ્રહમણ પોતાની સોળ વર્ષની કોદીલી દીકરીનું અડતાલીસ વર્ષના રતાંધળા જીવરામ ભટ્ટ સાથે કરીને ગૌરવ લે છે. પોતાનો જમાઈ ઊંચા કુળનો ખાનદાન છે, મિથ્યા અભિમાન માં માં-બાપ દીકરીઓના ભવિષ્યનો વિચાર કરતાં નથી અને યુવતીઓનું જીવન બરબાદ થઈ જાય છે એવિ સામાજિક અવદશાનું ચિત્ર આપી સ્ત્રીની દયનીય સ્થિતિ અને પરાધિનતા પ્રગટ કરી સમાજને ઢંઢોડ્યો છે.

નંદશંકરે'કરણઘેલો' માં ગુજરાતના છેલ્લા રાજપૂત રાજાની પરસ્ત્રીગમન વનતતી અને વાસનાનો આલેખ આપી રાણી ચૌલા દેવીના કારુણ્યને ચિત્રિત કર્યો છે. તો ગુજરાતી રંગભૂમિના પિતા રણછોડભાઈ ઉદયરામે 'લલિતદુ:ખ દશક' નાટકમાં નાયિકા લલિતાનું ધનિક કુટુંબના

વંઠેલા, ચરિત્રહીન યુવક સાથે લગ્ન થાય છે અને પ્રથમ દિવસ થી જ લલિતા કુરૂઢિ નો ભોગ બને છે. મનનું આ કજોડું લલિતા માટે અસહ્ય બને છે ગુણવાન પત્ની અને જુગારી, શરાબી, વ્યભિચારી, પતિ થી લલિતાના માથે દૂ:ખ ના ડુંગરો આવી પડે છે. ચરિત્રના કાજોડામાથી જન્મેલી કરૂણ વિશમતાના આલીખાન દ્વારા એક સ્ત્રીનું જીવન કેટલું બઠ્ઠું યાતનાઓ થી ભરેલું છે તે બતાવવામાં લેખક સફ્ડ થાય છે.

મહિપતરામ નીલકંઠે 'સાસુવહૂની લડાઈ' નવલકથામાં મધ્યમવર્ગ ના કુટુંબમાં સત્તા શોખીન સાસુ ને પનારે પડેલી વહૂની સ્થિતિનો ચિતાર આપી એક સ્ત્રી બીજી સ્ત્રીનું સરીરિક માનસિક શોષણ કરે છે અને ઘમંડી સાસુને કારણે વહૂની જીવનની અવદશા થાય છેઅને અંતે મૃત્યુ થાય છે આ નવલકથામાં સ્ત્રીનું શોષણ પુરુષના હાથે નહીં પન એક સ્ત્રીના હાથે થાય છે એક સ્ત્રી આટલી ક્રૂર બની શકે છે એનો પણ ચિતાર આપી સ્ત્રીની ક્રૂરતાના દર્શન કરાવ્યા છે.

પંડિતયુગમાં'ગોવર્ધન રામે' સરસ્વતીચંદ્ર નવલકથામાં કુમુદ અને ગુણ સુંદરીના પત્રો દ્વારા સ્ત્રીના ભાવનાત્મક જમા પાસાને નિરૂપ્યા છે. તો બ.ક ઠાકોરે 'મ્હારા સોનેટ' માં પ્રેમનો દિવસ, 'પ્રેમની ઉષા', 'પ્રેમનો મધ્યાહ્ન', 'જૂનું પિયર ઘર, માં બક.ઠાકોરે લગ્ન બાદ ઘણા સમયે કાવ્યનાયિકા પોતાના પિયર ઘરે પછી આવેલી કન્યાના બાલ્યકાળથી લગ્ન સુધીની મધુર યાદો તાજી થાય છે એમાં એના મનોભાવોનું ભાવભીનું નિરૂપણ કર્યું છે

કાન્તે ચક્રવાકમિથુન, વસંતવિજય, જેવા ખંડકાવ્યોમાં સ્ત્રીના જીવનની એકાદ કસોટીની ક્ષણના ત્રીવ્ર આલેખન દ્વારા સ્ત્રી જીવનની ઘેરી કરુણતાનું દર્શન કરાવ્યુ છે

ગાંધીયુગના સાહિત્યમાં સ્ત્રીના વિવિધ રૂપોનું આલેખન થયું છેધૂમકેતુ એ ગ્રામીણ સ્ત્રીના હૃદયના ભાવોને વાચા આપી છે. મડિયાએ 'અંત:સ્ત્રોતા' માં મત હૃદયના પ્રેમને પ્રગટ કર્યો છે. તો 'કાળી રાત કાળી ઓઢણી કાળી ચીસ' માં પુરુષોની પશુતાનો ભોગ બનતી સ્ત્રીનું ચિત્ર છે. આ કાળી ઓઢણી ઓઢેલી સ્ત્રી ઉપર વારાફરતી સિગ્નલમેન, પૉલિશ, હોટેલવાડો, એકલતાનો લાભ નિર્દયી બની ઉઠાવે છે. એમાં સ્ત્રી હમેશા નીઃસહાય હોય છે. પુરુષોની ખરાબ દૃષ્ટિથી એને સતત સાંભડવું પડે છે એ વ્યક્ત કર્યું છે.

ર.વ.દેસાઇની પિતરાઇ, ખરીમાં, પરાધીન પુરુષ વગેરે વાર્તાઓમા સ્ત્રીનું જુદા જુદા સ્વરૂપે તથા સ્ત્રીના સાવકી માતાના દરજ્જાને સમજે ઘણીવાર ખોટી રીતે વગોવ્યો છે.'ખરીમાં' વાર્તામાં એક સ્ત્રી પોતના સાવકા બાળકની સાવકી માતામાથી 'ખરીમાં' બની જાય છે. સ્ત્રીના ઉજ્જવળ ઉધવી કરણ ની સરળ પણ ઊંડી વાત સ્ત્રીના વાત્સલ્ય ભર્યા સ્વરૂપને પ્રગટાવે છે. તો

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
'પિતરાઇ' વાર્તામાં બે દેસાઇ ભાઈઓ ઝઘડે છે. પણ દેરાણી-જેઠાણી વચ્ચે એ ઝગડો બાધા બનતો નથી પણ બંને વચ્ચે સહજ પ્રેમ છે,મોટે ભાગે ઝઘડાનું ઘર સ્ત્રી હોય છે પણ અહી હળીમળી રહે છે. એમાં સ્ત્રીની સમાજ શક્તિને પુરુષથી ઉપર ઉઠાવી છે તો 'પરાધીન પુરુષ' દાંપત્ય જીવનના પાસા નિરૂપતિ વાર્તા છે. આપણે એમ માનીએ છે કે આપનો સમાજ પુરુષ પ્રધાન છે, પણ વાસ્તવમાં તો એ સ્ત્રી પ્રધાન સમાજ છે. ઘરના વહીવટ થી મંડી ને સમાજના કર્યો માં પરોક્ષ રીતે તો સ્ત્રીની ઈચ્છા પ્રમાણે જ થતું હોય છે એટલે આપનો સમાજ ખરી રીતે તો સ્ત્રી પ્રદાન જ છે, એને પ્રતીતિ આ વાર્તા કરાવે છે.

ગુલાબદાસ બ્રોકરે 'લતા શું બોલે?, ઊભી વાતે જેવી વાર્તાઓમા શહેરી જીવનની સ્ત્રીના મનોવલનને તાદસ કર્યા છે. 'લતા શું બોલે? વાર્તામાં નાયિકા લતાના પાત્ર દ્વારા બ્રોકરે નિરૂપયુ છે કે સ્ત્રી પણ પુરુષની જેમ ક્યારેક પોતાના પર સંયમ રાખી શકતી નથી, પુરુષની માફક સ્ત્રીનું મન પણ ચાંચળ બની મિત્રદ્રોહ, પતિદ્રોહ, અને વિશ્વાશદ્રોહ કરી બેસે છે. બ્રોકરે અહી સ્ત્રી દોષિત છે એવું ઉપસાવ્યું નથી પણ એકલતા અને મનની ચાંચળતા બાબતે સ્ત્રી પુરુષ બંને સરખા છે એવું ફલિત કરી શકાય એમ છે.

સુંદરમે 'ખોલકી', 'માનેખોળે' જેવી વાર્તાઓ માં પરણેલી ગ્રામીણ સ્ત્રીના અપૂર્ણ અરમાનોને વાચા આપી છે. 'ખોલકી' વાર્તામાં ચંદનનો પતિ ઘરડો ખોંખો કરતો તથા કામુક છે.વિવાહના દિવસે ઘુંઘટ લીધે તે પોતાના પતિને બરાબર જોઈ શકતી નથી અને સંજોગોને કારણે સાસરે ગઈ નથી. પણ એનો પતિ સામાજિક કારણે પોતાના ઘરે આવાવનો છે પણ એને સામે જઈને મળી શકતી નથી. તેથી મેળાની બારી ની તિરાડમાથી એને જુએ છે અને પડોસાનના ઘરે રાત્રે મડવાની ગોઠવણ થાય છે. ચંદન આજે પહેલી વાર પતિને મળવાની છે તેની ઉત્કંઠા છે પણ ચંદન નો પતિ ભાવના કે લાગણી થી નહીં પણ ચંદન ને કામુક નજરે જોવે છે. અને છેલ્લે બળપૂર્વક 'આમ ફર ને ખોલકી' કહીને પોતાની તરફ ખેચે છે. એમાં સ્ત્રીની લાગણી રૂંધે છે. અને સ્ત્રી માત્ર જાતિય સુખનું સાધન છે એ પ્રગટ કર્યું છે

તો 'માનેખોળે' માં શબુનો પતિ બાયલો છે શબુ પર ખોટો આરોપ મૂકે છે તો પણ પોતાના બાપને કહી સકતો નથી કે શબુના પેટમાં જે બાળક છે એ મારૂ છે ખોટું આડ મૂકી સસરો ગળું દબાવી શબુ ને મોતને ઘાટ ઉતરે છે. શબુના પતિ જેવા પુરુષને કારણે શબુ જેવી કેટલીય સ્ત્રીઓના ભોગ લેવાય છે. એ બતાવ્યુ છે. આ ઉપરંક્ત ચંદ્રકાંત બક્ષી શિવકુમાર જોશી જેવાએ પણ વરતાઓમાં સ્ત્રીના જાતિય જીવન અને મનોજગતનું નિરૂપણ કર્યું છે

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

કવિતા ક્ષેત્ર શેષ (રા.વી.પાઠક) નું 'છેલ્લું દર્શન' પ્રથમ પત્નીના અવસાન નિમિતે રચેલું છે. ઉશનસનું 'વળાવી બા આવી' સોનેટમાં પોતાના સંતાનોને વળાવી બા ખાલીપો અનુંભવે છે ને પોતાના ઘરમાં જય સકતી નથી એમાં સ્ત્રીના માતરું હૃદની ઝાંખી કરવી છે એ નિમિતે સ્ત્રીના વાત્સલ્ય ભાવનું નિરૂપણ કર્યું છે

પ્રહલાદ પારેખે 'બારી બહાર' માં અબોલા, અબોલડા, જાણીતી આજાણી, મળયા અને જુદા પડ્યા, વિદાઇ, વાતો, વાંછા વગેરે કાવ્યોમાં સ્ત્રી હૃદયના ખૂણામાં અંકુરાયેલા ભાવને નિરૂપ્ય છે. રાવજી પટેલનું 'મારી આખે કંકુના સુરજ આથમ્યા' કાવ્યમાં પોતાની પત્નીનો સુહાગ અસ્ત થતાં જોઈ રહ્યો છે એમાં સ્ત્રી પ્રત્યે કુણી લાગણી વ્યક્ત કરી છે.

કથા સાહિત્યના નવલકથા સ્વરૂપમાં સ્ત્રીની ભૂમિકા મહત્વની રહી છે પન્નાલાલની 'માનવીની ભવાઇ', 'મળેલા જીવ' જેવી કૃતિમાં રજૂ, જીવીની કરૂણ મંગળ પ્રણય કથા છે. રજૂ-જીવીના પત્રો દ્વારા સ્ત્રીના ધીરગંભીર, સહનશીલતા અને ધૈર્ય જેવા વિરલ ગુણો પ્રગતવ્ય છે. જીવ ધરતી જેવી સહનશીલ છે. ઘર બહાર હસતું મો રાખી સકે છે ધૂળાનો પરિતાપ એવો છે કે કોઈ પણ સ્ત્રી હૈયું ભાગી પડે છતાં જીવી આ બઠું વેથે છે ભાવભૂતિની સીતાની જેમ પન્નાલાલની જીવીને પણ આપણે કરુનસ્ય મુર્તિ કહીને ઓડખાવી શકીએ તો 'વળામના' ના કેન્દ્રમાં સ્ત્રી છે. સમાજના દર અને પંચની બીકે ઝમકુના કેટલીવાર વળામના થાય છે સ્ત્રી માત્ર પુરુષથી જ શોષાય છે એમ નહીં પણ સમાજ, પંચ, રીતરિવાજ ના વાળાઓ પણ સ્ત્રીને શોષે છે. 'દીકરીને ગાય દોરે ત્યાં જાય' એ કહેવત ચરિતાર્થ થાય છે.

રાવજી પટેલે 'અશ્રુઘર' નવલમાં લલિતા, સૂર્ય જેવા સ્ત્રી પત્રો દ્વારા સ્ત્રીની જુદી જુદી પ્રકૃતિનું નિર્માણ કરી સ્ત્રીમાં રહેલા સદઅસદ છે.

નાટ્ય ક્ષેત્રે 'આગગાડી' (ચચિ મહેતા) માં રેલ્વે અધિકારીના અત્યાચારોનો ભોગ બંતા પાટો-પુત્ર આબે માને ગુમાવી મૃત્યુની પ્રતિક્ષા કરતી રૂખી વાસ્તવ સ્ત્રી જીવનનાકારુણ્ય ને નિર્દેશ કરે છે. તો ચિનુ મોદીનું 'જાલકા' નાટકની નાયિકા જાલકા મુત્સદી, હોશિયાર અને બહાદુર છે. ગમે તે કરીને પોતાના પુત્રને રાજા બનાવવા ખટપટ કરે છે તેમાં સ્ત્રીમાં રહેલી શક્તિના દર્શન કરાવે છે.

પુરુષ સર્જકોની જેમ સરોજ પાઠક, ધીરૂબહેન પટેલ, હિમનશી શેલત, કુંદ્ણિકા કાપડિયા, ઇલા આરબ મહેતા, વર્ષા અડલજા વગેરે પોતાના સાહિત્યમાં નારીના વિવિધ પાસાઓને ચરિતાર્થ કરતું વાસ્તવ પ્રધાન કૃતિઓ આપી છે હિમનશી શેલતે એનામ, ઇતરો,અવલંબન,

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કશુક ગોપનીય જેવી સ્ત્રી કેન્દ્રિય વાર્તાઓ આપી છે. એમાં નારી જીવનની સમસ્યા કે તેના ઉકેલની વાત નથી. પણ પરોક્ષ રીતે નારિવાદી વલનોનું સૂચન કરે છે એજ રીતે વર્ષા અડાલજની વાર્તાઓ માં નારી ચેતનાનું સંવેદન સૂક્ષ્મતથી આલેખાયું .છે'ઝાજર' વાર્તામાં સ્ત્રીની સબડી-નબડી બાજુનું આલેખન કર્યું છે 'મદદગાર' વાર્તામાં સ્ત્રી જીવનની વેધકતા તો નારી જીવનની ખુમારીને પ્રગટાવતી 'હુતઃશેષ', 'અનુરાધા' જેવી વાર્તાઓ આપી છે. એમની વર્તના સ્ત્રી પત્રો પોતાના વિચાર પ્રમાણે જીવવા માંગે છે. પુરુષ સમાજ સામે સંઘર્ષ કરી ખુમારી બતાવે છે.

ઇલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના માં પચ્ચીસ જેટલા પત્રો છે. જેમ કે સુરમ્યા, અનુરાધા, વિભાવરી, ચંદ્રા, મધુ, સદગુણી, સેઠાની વગેરે. આ બધીજ સ્ત્રીઓના વ્યક્તિત્વ અને તેમની સ્થિતિ વૈવિધ્ય સાભાર છે પરંતુ એમની વેદના એક સરખી છે એટલે રાણી હોય કે સામાન્ય સ્ત્રી, ભણેલી હોય કે અભણ, કલાકાર હોય કે ઘરેલુ સ્ત્રી હોય પરંતુ પુરુષ તરફ થી થતી તેમની અનુભૂતિમાંસૌ સમાન છે. એટલે માત્ર પરિસ્થિતી કે પાત્ર બદલાય પણ વેદના તો સાવ સામાન્ય રહે છે. આમાં પુરાણી સમસ્યાનું નુતાન રીતે આલેખન થયું .છેકે તેમાના વિવિધ સ્ત્રી પત્રો તો નિમ્મિતમાત્ર છે. તેમના જીવનની વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન કરી નારી અસ્મિતાના પ્રજનને સર્જનાત્મક ભૂમિકાઓ ખુલ્લો કરી આપ્યો છે અને સ્ત્રી પુરુષને છોડી સકતી નથી. તેમ એના તરફ થી થતી ઉપેક્ષા સહી સકતી નથી. તેમ એના તરફથી થતી ઉપેક્ષા સહી શક્તિ નથી. એવા વિશિષ્ટ પ્રકારના વિરોધાભાસને રજૂ કર્યો છે.

આમ સમગ્ર સાહિત્યમાં નારીના વૈવિધ્ય પૂર્ણ ચિત્રો જોવા મળે છે પુરુષ પ્રધાન સમાજમાં નારીનું સ્થાન કેવું ઉપેક્ષા પૂર્ણ છેનારી સ્વતંત્રય, સમાન અધિકાર કે નારી વ્યક્તિત્વનું ગૌરવ સમાજ કરી સકતો નથી અને કરે છે તો એક દેખાવો છે જેમ 33% સ્ત્રી અનામતની વાત કરીએ છે તેમ છતાં સાહિત્યના દરેક કાળમાં, પુરુષપ્રધાન સમાજમાં અને પુરુષ સર્જકો હોવા છતાં સ્ત્રીઓને સંભવ પૂર્વક નિહાળી છેઅને તેમના સંવેદનોને સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં કલાત્મક રીતે સાકર કરેલ છે. ગુજરાતી સાહિત્યમાં શહેરી કે ગ્રામીણ શિક્ષિત કે અભણ, ડરપોક કે સાહસિક, સદગુણી કે દુર્ગુણી કોઈપણ સ્ત્રીના અસ્તિત્વને પ્રગટાવવામાં ગુજરાતી સર્જકો મોખરે છે.